# કાગડાપીઠ પોલીસ સ્ટેશન
# અમદાવાદ શહેર
## <u>પ્રેસ નોટ</u>

## <u>પોલીસ ની ખોટી ઓળખાણ આપી ધાક ધમકી આપી લોકો પાસેથી બળજબરી પુર્વક પૈસા કઢાવી લેતા આરોપીને ગણતરીના કલાકો માં પકડી પાડતી કાગડાપીઠ પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા ઈ,મદદ્નીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન તથા ઈ,કાગડાપીઠ પોલીસ ઇન્સપેકટર વી.આર.વસાવા નાઓની સુચના મુજબ મિલકત સંબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના આધારે તા-૩૦/૦૭/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એમ.બી.પટેલ તથા બિજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા–ફરતા કલાક ૦૧/૨૦ વાગે.કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ જાહેર રોડ પર આવતા સાથેના <u>અ.હે.કો.સંજયભાઈ દસરથભાઈ તથા પો.કો.નરેશભાઈ ઘનશ્યામભાઈ</u> નાઓને સયુક્ત બાતમી હકીકત મળેલ કે "કાગડાપીઠ.પો.સ્ટે ફ્રસ્ટ ગુ.ર.નં-૯૪/૨૦૧૯ ધી.ઈ.પી.કો. કલમ ૩૮૪,૧૭૦,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના કામે બે ઈસમો પોલીસ ની ખોટી ઓળખાણ આપી એટીએમ માંથી બળજબરી પુર્વક પૈસા કઢાવી લેનાર એક ઈસમ કે જેણે શરીરે લાલ કલરની ટીશર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ છે તે પોતાના કબ્જાની કાળા કલરની પલ્સર મો.સા.નં.GJ 01 MR 5706 ની લઈ ચલાવી લાવી આવી અત્રે થઇ પસાર થનાર છે." જે બાતમી હકીકત આધારે <u>મોસીનખાન S/Oફારુકખાન તાહીરખાન પઠાણ ઉવ ૩૪ રહે,મ.ન.૨/૨૦૩ સલાટનગર હાઉસીંગ સોસાયટી,એપરલ પાર્ક જીઆઈડીસી,કાકરીયા બ્રિજની બાજુમાં,ગોમતીપુર અમદાવાદ શહેર</u> નાઓને તા-૩૦/૦૭/૨૦૧૯ ના કલાક ૦૨/૨૦ વાગે ઉપરોક્ત ગુન્હાના કામે અટક કરી જેની પાસેથી ૫,૦૦૦/- રોકડા તથા એક ગુલાબી કલરનોં VIVO કંપનીનો મોબાઈલ ફોન જેનો IMEi 868091047283817 નો જણાયેલ જેની કિ.રુ.૧૦,૦૦૦/- ગણી શકાય તથા એક પલ્સર મો.સા જેનો RTO નં. GJ 01 MR 5706 નો છે તથા જેનો એ.ન.DHGBTL95373 તથા ચે.ન.MD2DHDHZZTCL10358 નો જણાય છે જેની કિ.રુ.૪૦,૦૦૦/- ગણી શકાય કુલ્લે ૫૫,૦૦૦/- નો મુદ્દામાલ ની મતાના મુદામાલ સાથે પકડી ઉપરોકત ગુનો ડીટેકટ કરી પ્રસશંનીય કામગીરી કરેલ છે.

Scanned by CamScanner

આજરોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે પો.ઈન્સ. શ્રી ડી.એચ.ગઢવી નાઓ દ્વારા વૃક્ષારોપણ નો કાર્યક્રમ રાખવામા આવેલ જે કાર્યક્રમમા રેડીયોમીર્ચી ના આર.જે. ધ્વનીત હાજર રહેલા તેમજ વિસ્તારના કાઉન્સીલર તેમજ સોલા પોલીસ સ્ટેશન  સ્ટાફ હાજર રહેલ તેમજ વૃક્ષારોપણ કરવામા આવેલ અને દરેક વૃક્ષના ટ્રીગાર્ડ ઉપર પોલીસ અધીકારી/કર્મચારી/સફાઈ કામદાર નાઓના નામ નામ લગાડી વ્યક્તિગત વૃક્ષ ઉછેરવાની જવાબદરી સોપેલ છે અને ત્યારબાદ પોસ્ટે વિસ્તારમા આવેલ ઘાટલોડીયા પોલીસ લાઈન ખાતે પણ વૃક્ષારોપણ કરવામા આવેલ છે અને વૃક્ષની જાળવણી બાબતની જવાબદારી લાઈનમા રહેતા કર્મચારીઓને સોંપેલ છે અને સ્વચ્છતા અભીયાન બાબતે જે.સી.બી. દ્વારા સ્વચ્છતા કરાવેલ છે અને બ્લોક વાઈઝ મોટા કચરા માટેના ૧૫ ડ્રમ મુકવામા આવેલ છે